# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ - ૦૧** **તા. ૦૫.૦૮.૨૦૧૭**

**કોંગ્રેસના નેતાઓ રાજકીય મેલી રમત રમી, ખોટા આક્ષેપો કરી ગુજરાતની શાંતિને ડહોળવાના નિષ્ફળ પ્રયાસો કરી રહ્યા છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------

**ભાજપાના વિવિધ જીલ્લા કાર્યાલયો પર હિંસાત્મક પ્રદર્શન દ્વારા કોંગ્રેસ કેવી લોકશાહીનું જતન કરી રહી છે? - શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------

**કોંગ્રેસે અતિવૃષ્ટિના કારણે મૃતકો માટે સંવેદના પણ વ્યક્ત ન કરી અને શ્રધ્ધાંજલી પણ ન આપી તે સંવેદનાવિહિન કોંગ્રેસનું ચરિત્ર બતાવે છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------

**રાહુલ ગાંધીના નિવેદન 'મેરા કામ પુરા હો ગયા હે' ની સામે સીધો પ્રશ્ન ઉદભવે છે કે, રાહુલ ગાંધી કયા કામ માટે ગુજરાત આવ્યા હતા ? તેમનું કયું કામ પુરુ થઇ ગયું ? - શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------

**બેંગલુરુમાં બંધક ધારાસભ્યોને ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત સમયે રાહુલ ગાંધી સાથે લઇ આવ્યા હોત તો પણ અસરગ્રસ્ત વિસ્તારની પ્રજાના રોષનો ભોગ ના બનવું પડત - શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------

**રાહુલ ગાંધીને બચાવવામાં દેશની કોંગ્રેસ તેમજ અત્યારે અહેમદભાઇને બચાવવામાં ગુજરાતની કોંગ્રેસ ડુબી ગઇ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

--------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ ગઇકાલની કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ગાડી પર પથ્થર મારવાની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી. તેઓએ જણાવ્યુ હતુ કે ગઇ કાલે જ તાત્કાલિક ધોરણે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આ સમગ્ર ઘટનાની ઉચ્ચ અધિકારીશ્રીને ન્યાયિક તપાસના આદેશ તુરંત જ આપી દીધા હતા. શ્રી વાઘાણીએ કોંગ્રેસના નેતાઓ દ્વારા ભાજપાના વિવિધ જીલ્લા કાર્યાલયો પર કરાયેલ પથ્થરમારા અંગે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે, આવી રીતે હિંસાત્મક પ્રદર્શન દ્વારા કોંગ્રેસ કેવી લોકશાહીનું જતન કરી રહી છે? એક બાજુ ગાંધીના ગુજરાતની વાત કરે છે ત્યારે આવા હિંસાત્મક પ્રદર્શનો કેટલા અંશે યોગ્ય છે?

શ્રી વાઘાણીએ ગઇકાલની રાહુલ ગાંધીની મુલાકાત સંદર્ભે તેમજ તેમના દ્વારા કરાયેલ નિવેદનો અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસે અતિવૃષ્ટિના કારણે મૃતકો માટે સંવેદના પણ વ્યક્ત ન કરી અને શ્રધ્ધાંજલી પણ ન આપી તે સંવેદનાવિહિન કોંગ્રેસનું ચરિત્ર બતાવે છે. શ્રી વાઘાણીએ રાહુલ ગાંધીના નિવેદન 'મેરા કામ પુરા હો ગયા હે' સામે સીધો પ્રશ્ન પુછતાં જણાવ્યુ હતુ કે, અમને સમજાતું નથી કે રાહુલ ગાંધી કયા કામ માટે ગુજરાત આવ્યા હતા ?, તેમનું કયું કામ પુરુ થઇ ગયું હતુ ? શ્રી વાઘાણીએ પ્રત્યાઘાત આપતાં જણાવ્યુ હતુ કે, જો રાહુલ ગાંધીએ અસરગ્રસ્તોને માત્ર એટલુ પુછ્યું હોત કે અત્યારની પરિસ્થિતિમાં શું ખુટી રહ્યુ છે ? કેવી સહાયની જરૂર છે ? ક્યાં કેટલું નુકશાન છે ? તેમજ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા વિસ્તારમાં શું સેવા-સહાય ચાલી રહી છે ? માત્ર તેનું નિરિક્ષણ કર્યુ હોત તો સારૂ હતુ. કોંગ્રેસ ક્યાંય સેવાના કાર્યમાં દેખાઇ ન હતી માટે સેવાના કામની વાત પણ કરી શકતી નથી, તેમ શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ કોંગ્રેસના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યુ હતુ કે, આવી કુદરતી આપત્તિની સ્થિતિમાં કોંગ્રેસે તેમના પોતાના ધારાસભ્યોને સતત ૮ દિવસથી બેંગલુરુમાં બંધક બનાવી રાખ્યા છે. આ ધારાસભ્યોને ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત સમયે શ્રી રાહુલ ગાંધી સાથે લઇ આવ્યા હોત તો પણ અસરગ્રસ્ત વિસ્તારની પ્રજાના રોષનો ભોગ ના બનવું પડત. કોંગ્રેસ માત્રને માત્ર લોકોનું ધ્યાન બીજી તરફ ખેંચવા માટે આક્ષેપો કરી રહી છે. ગુજરાતની જનતા રાજ્ય સરકારની રાહત કામગીરી અને રાહત પેકેજથી સંતુષ્ઠ છે. કોંગ્રેસના નેતાઓ માત્ર ટુરિસ્ટની જેમ ફરી રહ્યા છે જ્યારે ભાજપાના કાર્યકર્તાઓ સતત લોકોની વચ્ચે મેડીકલ સહાય, રાહત સામગ્રી પહોંચાડી રહ્યા છે અને અસરગ્રસ્ત લોકોનું જીવત પૂર્વવત્ ન થાય ત્યાં સુધી ખડેપગે સેવા કરવા કટિબધ્ધ છે.

કોંગ્રેસના નેતૃત્વને કોંગ્રેસના ધારાસભ્યોથી ભય છે. ગુજરાતમાં શાંતિ-સલામતીનું વાતાવરણ છે તે આખી દુનિયા જાણે છે. ભાજપાના શાસનમાં ગુજરાતમાં વિકાસના નવા દ્વાર ખુલ્યા છે. ત્યારે, કોંગ્રેસના નેતાઓ રાજકીય મેલી રમત રમી, ખોટા આક્ષેપો કરી ગુજરાતની શાંતિને ડહોળવાના નિષ્ફળ પ્રયાસો કરી રહ્યા છે તે ખુબજ દુ:ખદ્ છે. અને સમગ્ર દેશમાં ગુજરાત કોંગ્રેસના તેમજ રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓ ગુજરાતને યેનકેન પ્રકારેણ બદનામ કરવાનું જે હિન કૃત્ય કરી રહ્યા છે તેને ગુજરાત તેમજ દેશની જનતા ક્યારેય માફ નહિ કરે. આવી સંવેદનાવિહિન કોંગ્રેસને દેશની જનતા ઓળખી ગઇ છે.

કોંગ્રેસ તુટી ગઇ છે, ક્યાંય કોઇ જનાધાર રહ્યો નથી, કોંગ્રેસના પગ નીચેથી જમીન સરકી ગઇ છે. રાહુલ ગાંધીને બચાવવામાં દેશની કોંગ્રેસ તેમજ અત્યારે અહેમદભાઇને બચાવવામાં ગુજરાતની કોંગ્રેસ ડુબી ગઇ છે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-૦૨** **તા. ૦૫.૦૮.૨૦૧૭**

**ભાજપા ગુજરાત ડોકટર સેલ દ્વારા સ્વાસ્થ્યપ્રદ-રોગપ્રતિકારક આયુર્વેદિક ઉકાળા અને હોમિયોપેથિક દવાઓનાં નિશુલ્ક વિતરણ કેમ્પનું અસરગ્રસ્ત વિસ્તારોમાં વિવિધ ૩૦ સ્થાનો પર આયોજન**

--------------

ભાજપા ગુજરાત પ્રદેશ મીડીયા સેલ અખબારી યાદીમાં જણાવે છે કે, ભાજપા ગુજરાત પ્રદેશ ડોકટર સેલ દ્વારા કન્વીનરશ્રી ડો. વિષ્ણુભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ આજે તારીખ ૫ ઓગષ્ટ, શનિવારે અતિવૃષ્ટિના અસરગ્રસ્ત વિસ્તાર બનાસકાંઠા જીલ્લાના ૧૫, પાટણ જીલ્લાના ૫, તેમજ મહેસાણા જીલ્લાના ૧૦ સ્થાનો પર એમ, કુલ મળીને ૩૦ સ્થાનો પર સ્વાસ્થ્યપ્રદ રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરતો આયુર્વેદિક ઉકાળો અને હોમિયોપેથિક દવાઓના વિતરણના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પોમાં ૧૦,૦૦૦ કરતાં પણ વધુ નાગરિકોએ લાભ લીધો હતો. આ કેમ્પોમાં ૧૫૦ થી વધુ ડોકટર મિત્રોએ સેવા આપી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
મીડીયા વિભાગ

**બીડાણ: આયુર્વેદિક ઉકાળો અને હોમિયોપેથિક દવાઓના વિતરણના કેમ્પની વિસ્તૃત માહિતી આપતું પત્રક આ સાથે સામેલ છે.**